# <u>શાકભાજી અને સોયાબીન પાકોમાં ફિલ્ડ ડે ની ઉજવણી</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તારીખ ૦૬.૧૦.૨૦૧૭ ના રોજ બોરડી સરકારી (તા. દાહોદ) ગામ મુકામે પ્રથમ હરોળ નિદર્શન હેઠળ શાકભાજી ભીંડા (જી.એ.ઓ.-૫), રીંગણ (જી.એ.ઓ.બી.-૨) અને સોયાબીન (એન.આર.સી.-૩૭) પાકોમાં <u>"ફિલ્ડ ડે"</u> ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા શાકભાજી અને સોયાબીન પાકોમાં સમસ્તરી ફેલાવો અને શાકભાજી પાકોની હાઇબ્રીડ અને સુધારેલ જાતોનુ મહત્વ, પ્રો. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન)એ સોયાબીનની જાત એન.આર.સી.-૩૭ ની લાક્ષણિકતા અને સોયાબીન પાકના ગોતરનો પશુપાલનમાં ઉપગોગ વિશે અને પ્રો. એસ. કે. પટેલ વૈજ્ઞાનિક (કૃષિ ઇજનેરી)એ સોયાબીન પાકનું મુલ્યવર્ધન અને તેની વિવિધ બનાવટો વિશે ખેડુત બહેનોને માહિતગાર કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કુલ ૬૨ ખેડુત બહેનોઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.



પ્રો. એચ. એલ. કાચાનું ઉદબોધન



પ્રો. એસ. કે. પટેલનું ઉદબોધન



પ્રો. એન. ડી. મકવાણાનું ઉદબોધન



સોયાબીન અને શાકભાજી પાકોમાં ફિલ્ડ ડે